જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૮/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૫૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૦૬ લીટર દેશી દારૂ, ૧૯૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૦ બીયરટીન ૦૧ મોટર સાયકલ અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૭૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૫૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૬૫૫/૧૭

**વેજલપુર :** ઝાકીરહુસૈન અબ્બાસભાઇ ચૌહાણ (રહે, કે.જી.એન.પાર્ક વિભાગ-૨, સોહેબપાર્કની બાજુમા ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૧૭ સાંજના ૬/૩૦ થી તા.૧૬/૦૮/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાનાં મકાનના મુખ્ય દરવાજાનું લોક તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ચીજ-વસ્તુઓ તથા રોકડ રકમ મળી કુલ રૂપીયા ૧,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જે.ચાવડા ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૧૬૫૬/૧૭

**ઇસનપુર :** મિનાક્ષીબેન વા/ઓ હરીશભાઈ પવાર (ઉ.વ.૫૫)(રહે,ચીત્રકુટ ધામ સોસાયટી, મુક્તજીવન સ્કુલની બાજુમાં ઘોડાસર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૧૭ સાંજના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન મણીનગર રેલવે સ્ટેશનથી આવકાર હોલ, પોતાના ઘર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન, રિક્ષામાં બેસેલ ત્રણ અજાણીસ્ત્રીઓ પૈકી કોઈએક અજાણી સ્ત્રીએ મિનાક્ષીબેનની બેગમાંથી પ્લાસ્ટિકની થેલી કે જેમાં સોનાની બંગડી કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા સોનાનું એક પેંડલ કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૨૨,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

બેદરકારીને કારણે મૃત્યુ:- સમાચાર યાદી નં.૧૬૫૭/૧૭

**સોલા હાઇકોર્ટ :** પ્રવિણભાઇ મોહનભાઇ પગી (ઉ.વ.૩૧)(રહે,ગામ: નવા પુરા, શકરાભાઇનો તબેલો, બલીયાદેવના મંદીર પાસે, તા.સાણંદ જી.અમદાવાદ) એ તા.૧૬/૮/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના દિકરા દર્શન (૧૯ મહિનાની ઉંમરનો) ને સ્વાઇનફ્લુ થતાં સારવાર અર્થે સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતો. જ્યાં ફરજ પરના સારવાર કરતાં જવાબદાર ડોકટર શ્રી(જેના નામની ખબર નથી તે) નાઓએ પ્રવિણભાઇનાં દિકરા દર્શન માટે હોસ્પીટલમાંથી પુરતા ઓક્સીજનની વ્યવસ્થા ન રાખી બેદરકારી દાખવતાં, તા.૧૪/૮/૧૭ સાંજનાં ૬/૩૦ વાગે સારવાર દરમ્યાન દર્શનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રીએમ.એલ.રાજપુત ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૬૫૮/૧૭

**રામોલ :** ચંદ્રકાંતઉર્ફે ચિન્ટુ સ/ઓ ઉમેદભાઈ પરમાર (ઉ.વ.૩૫)(રહે,ગાયત્રીનગર અમરાઈવાડી) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૮/૧૭ રાતના ૧૧/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે એ.બી.સી. કોમ્પલેક્ષ ભરતપાર્ટી પ્લોટની બાજુમાં શાંતી એકસરે અને સોનોગ્રાફી કલીનીક્માં સીલીંગ ફેન સાથે પડદાનું કાપડ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષભાઈ રણછોડભાઈ ચલાવે છે.

**ઇસનપુર :** પ્રકાશભાઈ અંબાલાલ રામી (રહે,ખોડિયાર પાર્ક ઇસનપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૮/૧૭ સાંજના ૭/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખોડાભાઈ રામાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.